




અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા બ્રહ્માણી કૃપા હૉલ ખાતે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે એક ફ્રેશર્સ કાર્યક્રમ 'અભિવ્યક્તિ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની પ્રતિભા પિછાણીને ૧૪ વિદ્યાર્થીઓને ફાઈનલ રાઉન્ડ માટે પસંદ કરવામાં આવ્યા હતા. આ વિદ્યાર્થીઓએ સંગીત, નૃત્ય, ક્લે મોડેલિંગ, ક્રાફ્ટ, સ્કેચ જેવી સ્કીલ પ્રસ્તુત કરી હતી. નિર્ણાયકોએ પ્રશ્નો દ્વારા તેમની કસોટી કરી હતી. મિસ ફ્રેશર તરીકે પરિતા ચૌહાણ અને મિસ્ટર ફ્રેશર તરીકે તીર્થ પંડ્યાની પસંદગી કરવામાં આવી હતી. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે બેસ્ટ ડ્રેસ સ્પર્ધા પણ યોજવામાં આવી હતી, જેમાં ૩૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બહેનોના વિભાગમાં શાલ્વી દસાડીયા અને ભાઈઓના વિભાગમાં તીર્થ પંડ્યા વિજેતા બન્યા હતા. કૉલેજના સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમના માધ્યમથી નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન અને સંચાલન આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ ડૉ. નીના ગણેશન અને પ્રા. ઋચિ યાજ્ઞિક દ્વારા કરવામાં આવ્યું હતું.

## શેઠ સી એમ હાઈસ્કૂલમાં જળ શક્તિ અભિયાન યોજવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે જળ શક્તિ અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શાળાના આચાર્ય ડૉ. ચેતના બૂચના માર્ગદર્શન હેઠળ શાળામાં તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રોએ જળ બચાવો અભિયાનના શપથ લીધા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના સુપરવાઈઝર મુકેશભાઈ પટેલ, બિપીનભાઈ પટેલ અને કનુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



અક્ષય વાસુદેવભાઈ પટેલ
મો. ૮૪૦૧૪ ૪૦૩૭૫



ધૈર્ય ભાવિક ગુરૂબક્ષાણી
મો. ૮૫૧૧૦ ૪૭૮૪૬

### ગાંધીનગર ઝોનની સેફ્રોની ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીના

## વિદ્યાર્થીઓનું ભારતીય નેવી અને 'બાયજુસ'માં પ્લેસમેન્ટ




ગાંધીનગર, તા. ૨૫

'સેફ્રોની ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી - એસપીબી પટેલ એન્જિનિયરીંગ કોલેજ'ના મિકેનિકલ એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટમાં ભણેલા સંજય યાદવે INDIAN NAVYની ૨૦૧૯ની પરીક્ષામાં સમગ્ર ભારતમાં ૧૪મો ક્રમ મેળવી અદભૂત સફળતા પ્રાપ્ત કરી છે.

સંજયને ૬ મહિનાની ટ્રેઈનીંગ બાદ INDIAN NAVYમાં assistant commandantના હોદ્દા પેર દેશની સેવાનો અવસર પ્રાપ્ત થશે. સંજયને ટ્રેનિંગ દરમિયાન ૭૦,૦૦૦ રૂપિયા પ્રતિમાસ મળશે અને ત્યારબાદ કેન્દ્ર સરકાર ૧૮ લાખ રૂપિયાનું વાર્ષિક પેકેજ આપશે. બીજી તરફ સેફ્રોનીના સિવિલ એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટના મીત જાનીને લર્નિંગ એપની Byju's કંપની દ્વારા રૂપિયા દસ લાખનું પેકેજ મળ્યું છે. આ અવસરે સેફ્રોની મેનેજમેન્ટ અને પ્રિન્સિપાલે સંજય યાદવ અને મીત જાનીને અભિનંદન સાથે ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## કલોલના લોટસ વિદ્યાલયમાં ફિલાટેલીક વર્કશૉપ યોજાયો



ગાંધીનગર, તા. ૨૫

કલોલના લોટસ વિદ્યાલયમાં ફિલાટેલીક વર્કશોપ યોજવામાં આવ્યો હતો. ૫૫ વર્ષથી ફિલાટેલીનો શોખ ધરાવતા અને માહિતી વિભાગના નિવૃત્ત ચીફ ફોટોગ્રાફર કાંતિલાલ શર્મા દ્વારા 'કિંગ ઑફ હૉબી' તરીકે ફિલાટેલીનો ઉલ્લેખ કરી તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન કલોલ હેડ પોસ્ટ ઓફિસ આસી. સુપ્રિ. આર આર ઝાલાએ કર્યું હતું. ગાંધીનગર જિલ્લા હેડ પોસ્ટ સુપ્રિટેન્ડન્ટ કે બી સિસોદીયા, ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ એમ એમ પ્રજાપતિ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ફિલાટેલીક સુવિધાઓ અને સેવાઓ વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત જાણકારી આપી હતી.

ગાંધીનગર જિલ્લા પોસ્ટલ વડા કે બી સિસોદીયાએ કલોલ લોટસ વિદ્યાલયમાં યોજાયેલા ફિલટેલિક વર્કશોપમાં કેન્દ્ર સરકારની દીનદયાળ સ્પર્શ યોજના અંતર્ગત શાળા, કોલેજના અભ્યાસીઓને હવે ફિલાટેલિક શોખમાં ઉલ્લાસભેર ભાગ લઈ આ યોજનાગત સ્કોલરશિપનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આસિ. પોસ્ટ સુપ્રિ એમ એમ પ્રજાપતિએ યોજનાની વિગતવાર માહિતી આપી આ કાર્યક્રમનો લાભ લેવા લોટસ વિદ્યાલયના વિદ્યાર્થીઓને વિનંતી કરી હતી. આ કાર્યક્રમમાં ૧૨૫ બાળકો વિદ્યાલયના પ્રિન્સિપાલ, સ્ટાફ સહિત ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યકમ આયોજન આસી. સુપ્રિ. આર આર ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું. બાળકોને પેન તથા ગાંધીજીને ભારત આવ્યાને ૧૦૦ વર્ષ થયાં નિમિત્તે બહાર પાડવામાં આવેલી ટપાલ ટિકિટનું ફોલ્ડર ભેટ આપવામાં આવ્યું હતું.

## રોટરી ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા ગ્રેટીટ્યુટ સેરેમનીનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૨૫

રોટરી કલબ ઑફ ગાંધીનગર દ્વારા ગ્રેટીટ્યુડ સેરિમનીનું આયોજન કુડાસણમાં કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન સમાજ ઉત્થાનનાં કાર્યો કરનાર, સમય અને સહયોગ આપનાર સભ્યો અને શુભેચ્છકોને સ્મૃતિ ચિહ્ન આપી તેમના પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી. રોટરી સભ્યો, પરિવારજનો, શહેરી વિવિધ સંસ્થાના અગ્રણીઓ અને શુભેચ્છકો આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે બાળકો દ્વારા સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન પૂર્વ પ્રમુખ અનંત પટેલ અને વર્ષ વર્તમાન પ્રમુખ ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### લિયો ક્લબ ઑફ ગાંધીનગરનું ઉમદા કાર્ય

## વિદ્યાર્થિનીઓને 'સુપર ૩૦' હિન્દી ફિચર ફિલ્મ બતાવી

ગાંધીનગર, તા. ૨૫

લિયો કલાબ ઑફ ગાંધીનગર દ્વારા હાલમાં રિલીઝ થયેલી પ્રેરણાત્મક ફિલ્મ 'સુપર-૩૦' દેવ ઈન્ટરનેશનલ સ્કૂલ, વાવોલની વિદ્યાર્થિનીઓને દર્શાવવામાં આવ્યું હતું. લિયો સભ્યો પણ આ ફિલ્મ નિદર્શનમાં વિદ્યાર્થિનીઓ સાથે જોડાયા હતા.

શિક્ષણના સમાન અધિકારનો સંદેશ આ ફિલ્મના માધ્યમથી આપવામાં આવ્યો છે. સૌએ ફિલ્મને માણી હતી અને તેનાથી અભિપ્રેરીત થયાં હતાં.

આ કાર્યક્રમમાં પ્રમુખ મોહિત જયસિંઘાની, કથન ત્રિવેદી, આકાશ પટેલ, જયા બક્ષી, લાયન પ્રમુખ રાજેશભાઈ ગોવડા, ફાલ્ગુનીબેન અને સ્કૂલના આચાર્ય ભરતભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## રાંધેજામાં જળ શક્તિ વિષયે કિસાન મેળો



ગાંધીનગર, તા. ૨૫

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને આત્મા પ્રોજેક્ટ ગાંધીનગરના સયુંકત ઉપક્રમે રાંધેજા ખાતે જળ શક્તિ અભિયાન અંતર્ગત એક દિવસીય કિસાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને આત્મા પ્રોજેક્ટના નિયામકોએ ઉપસ્થિત રહી ખેડૂતોને અનિયમિત વરસાદ સામે પોતાના પાકને જીવંત રાખવા તથા વરસાદી પાણીનો ખેતરમાં સુવ્યવસ્થિત સંગ્રહ કરવા વિગતે સમજ આપી હતી.

ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની અને કેવિકેના વિષય નિષ્ણાતો દ્વારા ખેડૂતોને સુક્ષ્મ પિયત પદ્ધતિઓ, સોલારપંપ દ્વારા પિયત જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને સૌએ સાથે મળી જળ સંચય માટે શપથ લીધા હતા. આ કાર્યક્રમમાં ખેડૂતો માટે પ્રદર્શન અને જીવંત નિદર્શનો રાખવામાં આવ્યાં હતાં. જીલ્લાના જુદાં-જુદાં ગામોમાંથી મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લઈ જળ સંગ્રહની વિવિધ પદ્ધતિઓ વિશે માહિતી મેળવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા અને આત્મા પ્રોજેકટ ગાંધીનગરના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં 'જળ બચાવો' સેમિનાર



સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં 'જળ બચાવો' અભિયાન અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ગાંધીનગર જિલ્લાના નિવૃત્ત નાયબ વનસંરક્ષક હેમંતભાઈ સુથારે ધોરણ-૬ થી ૧૨ના વિદ્યાર્થીઓને 'જળ બચાવો, જીવન બચાવો' વિષયે વકતવ્ય આપી જાગૃત કર્યા હતા. હાલની પાણીની તંગીની સમસ્યા, ભૂગર્ભજળમાં ઘટાડો, પીવાનાં પાણીની સમસ્યા જેવા મુદ્દાઓ પર પોતાનું વકતવ્ય આપી પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો જોઈએ તેવી શીખ તેમણે વિદ્યાર્થીઓને આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાનાં ઈકોક્લબ ઈન-ચાર્જ શિક્ષક હેમાંગીની દીપંકર તથા શીતલ દવે દ્વારા કરવામાં આવ્યું હતું.


## હુલ્લડનો અનુભવ

॥ ત્રીજો મણકો ॥

મારો અવાજ સંભળાય તેમ નહોતું. આ ઉપરથી ઘોડેસવારની ટુકડીના ઉપરીએ ટોળાને વિખેરવાનો હુકમ કર્યો, ને ભાલા ઉગામતી આ ટુકડીએ એકદમ ઘોડાને છોડી મૂક્યા. તેમાંનું ભાલું અમારો પણ નિકાલ કરે તો નવાઈ નહીં એવો મને ભય લાગ્યો. પણ એ ભયમાં વજૂદ નહોતું. પડખે થઈને બધાં ભાલાં રેલગાડી વેગે સરી જતાં હતાં. લોકોના ટોળામાં ભંગાણ પડ્યું. દોડદોડ મચી. કોઈ કચરાયા, કોઈ ઘવાયા. ઘોડેસવારને નીકળવા સારુ મારગ નહોતો. લોકોને આસપાસ વીખરાવાનો મારગ નહોતો. તેઓ પાછા ફરે તોયે પાછળ હજારો ચસોચસ ભરાયા હતા. બધો દેખાવ ભયંકર લાગ્યો. ઘોડેસવારો અને લોકો બંને ગાંડા જેવા લાગ્યા. ઘોડેસવારો કંઈ જોતા કે જોઈ શક્તા નહોતા. તેઓ તો વાંકા વળી ઘોડાને દોડાવી રહ્યા હતા. જેટલી ક્ષણ આ હજારોનાં ટોળાંને ચીરવામાં ગઈ તેટલી ક્ષણ લગી તેઓ કંઈ દેખી જ ન શકે એમ મેં જોયું.

લોકોને આમ વિખેર્યા ને રોક્યા. અમારી મોટરને આગળ જવા દીધી. મેં કમિશનરની ઓફિસ આગળ મોટર રોકાવી ને હું તેની પાસે પોલીસની વર્તણૂકને સારુ ફરિયાદ કરવા ઊતર્યો.

150 ગાંધીયાત્રા



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં સેવાકાર્ય




શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં મણિભાઈ ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી ૭ સ્કૂલ્સના વિદ્યાર્થીઓને અભ્યાસસામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. રૂદરડી, જાભચિતરીયા, જાભવર્ગ, ગઢીયા, રુદ્રાલ, મૂળીયાટીંબા અને હરદાસપુરની શાળામાં અભ્યાસ કરતા ૪૫૦થી વધારે વિદ્યાર્થીઓને દફતર, ચોપડા, નોટબૂક, પેન્સિલ, રબર, શાર્પનર, સ્કેલની ભેટ ધરવામાં આવી હતી. મણિભાઈ ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી નરેશભાઈ ચૌધરી અને શ્રી ગજાનન સેવા સમિતિ તરફથી મિલિન્દભાઈ, ડૉ. પ્રવીણ બોઘાણી અને શશીકાંતભાઈ મોઢા આ સેવાકાર્યમાં જોડાયા હતા.